## ડાયરેક્ટ ❤ સે

રાખ ભરોસો
તું ખુદ પર
શાને શોધે છે
ફરિશ્તાઓ ?
પક્ષી પાસે
ક્યાં હોય છે નકશાઓ ?
તોય શોધી લે છે
રસ્તાઓ !

## જન્મદિને વધામણી



જી આર અલોરિયા
નિવૃત્ત સનદી અધિકારી




એલ જે રાજગુરુ
ફોન : ૨૩૨૨૭૦૬૬



પ્રહલાદભાઈ એમ જાની
મો. ૮૧૪૦૦૪ ૮૯૦૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક



રાષ્ટ્રપિતા ગાંધીજીના નામથી સર્જાયેલા ગુજરાતના અનોખા પાટનગર ગાંધીનગરનાં સેવાકાર્યોની વાત પણ અનોખી છે. અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓ અહીં અનેક પ્રકારનાં સેવાકાર્યોની મહેક મહેકાવી રહ્યા છે. તાજેતરમાં કોલવડા ગામના રહેવાસી અને ગુજરાત યુનિવર્સિટીના એમએસડબલ્યુના વિદ્યાર્થી તન્મય પટેલે પોતાનો જન્મદિવસ સેવાકાર્ય કરીને ઉજવ્યો હતો. તેમણે એક ગરીબને જીવનજરૂરિયાતની વસ્તુ લાવવા માટે આર્થિક સહાય કરીને પોતાના જન્મદિવસની ઉજવણી સાર્થક કર્યાનો સંતોષ મેળવ્યો હતો.

# બ્રહ્માકુમારીઝને બે આંતરરાષ્ટ્રીય પુરસ્કાર



બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં અધિક મુખ્ય પ્રશાસનિકા દાદી હૃદયમોહિનીજીને રાષ્ટ્ર માટે એમની પ્રતિષ્ઠિત સેવાઓ અને ઉત્કૃષ્ટ વ્યક્તિત્વની ઉપલબ્ધિ માટે 'ભારત ગૌરવ પુરસ્કાર' સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ન્યૂયોર્કમાં પ્રદાન કરવામાં આવ્યો. આ પ્રસંગે વિશ્વભરમાંથી ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. અલબત્ત, સ્વાસ્થ્ય સારું ન હોવાને કારણે દાદીજી આ પુરસ્કાર સ્વીકારવા માટે અમેરિકા જઈ શક્યા નહોતાં, તેમના વતી બ્રહ્માકુમારીનાં ભૂમિકાબેને આ પુરસ્કાર સ્વીકાર્યો હતો. આ સાથે જ બ્રહ્માકુમારીનાં મોહિનીબેન (બ્રહ્માકુમારીઝ ઉત્તર અમેરિકા નિર્દેશિકા)ને માનવસેવાના ઉત્કૃષ્ટ યોગદાન માટે પુરસ્કારની ઘોષણા થઈ હતી. આ પુરસ્કારનો સ્વીકાર પણ તેમના વતી ભૂમિકાબેને કર્યો હતો.

# મેડિકલ માટે રાજ્યમાંથી જ ધો.૧૦ પાસ કરવાના નિયમ સામે રિટ

ગાંધીનગર, તા. ૫

પ્રોફેશનલ મેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટે રાજ્યની જ શાળામાંથી ધોરણ-૧૦ પાસ કર્યુ હોવાના નિયમની સામે ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ માટેના નિયમને ગેરબંધારણીય જાહેર કરી તેને રદબાતલ ઠેરવવાની માગ કરવામાં આવી છે. આ કેસમાં હાઈકોર્ટે વચગાળાનો આદેશ કર્યો હતો કે હાલ પૂરતા રાજ્યની બહારથી ધોરણ-૧૦ પાસ કર્યુ હોય તેવા વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ પણ સ્વીકારવાનો આદેશ કર્યો છે. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખવામાં આવી છે.

આ સમગ્ર મામલે અરજદાર ધ્રુવ જગદીશ સાખિઆ વતી એડવોકેટ મિતુલ શેલતે હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે, 'ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસ(રેગ્યુલેશન ઓફ એડમિશન ઈન અંડરગ્રેજ્યુએલ કોર્સિસ) રૂલ્સ ૨૦૧૭નો નિયમ ૪(૩) બંધારણના આર્ટિકલ ૧૪(સમાનતાના બંધારણીય હક)નો સરેઆમ ભંગ કરે છે. આ નિયમ મુજબ એ?વું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીઓને પ્રોફેશનલ મેડિકલ કોર્સિસમાં પ્રવેશ મેળવવો હોય તેમણે ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાત બોર્ડ અથવા રાજ્યમાં આવેલી કોઈ શાળામાંથી પાસ કરેલી હોવી જોઈએ.'

રિટમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, 'નિયમોમાં કરવામાં આવેલા આ સુધારાવધારાના પરિણામે રાજ્યની બહાર ધોરણ-૧૦ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ રાજ્યની વિવિધ કોલેજીસમાં ચાલતા મેડિકલના કોર્સિસમાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ નિયમ સીધેસીધું બંધારણના સમાનતાના હકથી વિપરીત છે. આ નિયમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે જુદાજુદા વર્ગ પાડી તેમની વિભાજિત કરે છે. તેથી તે બંધારણની સમાનતાની વિભાવનાનો છેદ ઉડાડતી હોવાથી તેને રદ કરવામાં આવે.'

# કલિકાસર્વજ્ઞનાં માતાના મનોભાવો અભિનયથી રજૂ થશે

ગાંધીનગર, તા. ૫

તા.૯મીએ સવારે ૯.૦૦ વાગ્યે પાર્શ્વપદ્માવતી જૈન સંઘ, પારુલનગર, ભૂયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ ખાતે શાસનસમ્રાટ આચાર્ય વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના આચાર્ય વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય, જૈન વિજ્ઞાની આચાર્ય વિજય નંદિઘોષસૂરીશ્વરજી મ.સા. તથા સાધ્વી સૂર્યકળાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ગુજરાતની અસ્મિતાના પુરોધા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના માતા પાહિણી દેવી જેઓએ દીક્ષા લીધી હતી અને તેઓના મનોભાવનું નિરૂપણ કરતાં એકપાત્રીય અભિનય ભજવાશે. અભિનય અર્ચના શાહ તથા દિગ્દર્શન જ્હોનીકુમાર શાહ કરશે.

એકપાત્રીય અભિનયપૂવે આચાર્ય નંદિઘોષસૂરીશ્વરજી મ.સા. કલિકાલસર્વજ્ઞનું ગુજરાતના ઈતિહાસમાં સાંસ્કૃતિક તથા સાહિત્યિક પ્રદાન અને તેના ઐતિહાસિક ભૂમિકા રજૂ કરશે. આજે પણ ગુજરાતમાં અને મહાત્મા ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની લડાઈનું મૂળ કારણ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજા કુમારપાળ દ્વારા પ્રવર્તાવેલી અહિંસાને ફાળે જાય છે. કલિકાલસર્વજ્ઞને જન્મ આપનારા પુણ્યશાળી માતા પાહિણીદેવી જેઓએ સ્વેચ્છાએ પોતાના નાના બળક ચાંગદેવને ગુરુ ભગવંત દેવચંદ્રસૂરીશ્વરજી મ.સા.ને સમર્પિત કરી દીધો હતો.

# સ્વીટ મેલોડીઝ દ્વારા 'એક શામ સિતારોં કે નામ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

સ્વીટ મેલોડીઝ અને બ્રહ્માણી આર્ટના સહયોગથી એસ. અરવિંદકુમાર નાઈટ્સનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. 'એક શામ દો સિતારોં કે નામ' શિર્ષક હેઠળ આયોજિત આ મ્યુઝિકલ કાર્યક્રમમાં હિન્દી સિનેમા જગતનાં મશહૂર ગાયકો લતા મંગેશકર અને મહંમદ રફીનાં લોકપ્રિય ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સંગીત સંચાલન ગાંધીનગરના ભવ્ય રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોક પટેલ, યુવા દિશા કેન્દ્રના પ્રમુખ સંજીવ મહેતા, હિરેન શાસ્ત્રી તથા ગાંધીનગર નાગરિક સહકારી બેન્કના ડિરેક્ટર મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# એમબીએ-એમસીએ કોર્સમાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ

## ચાલુ વર્ષે માત્ર ૫૬૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર, તા. ૫

એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે સોમવારે ઓનલાઈન રજિસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ ચકાસણીનો આજે છેલ્લો દિવસ હતો. જેમાં ચાલુ વર્ષે માત્ર ૫૬૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. ગતવર્ષે અંદાજે ૬ હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેની સામે ચાલુ વર્ષે ઓછા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવતાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

એમબીએ-એમસીએ કર્યા પછી નોકરીઓની ઘટી રહેલી તકોના કારણે છેલ્લા ત્રણ વર્ષથી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી રહી છે. હાલમાં એમબીએની ૧૧૦ કોલેજોમાં ૯૮૧૦ અને એમસીએની ૬૮ કોલેજોમાં ૫૪૭૦ અને એમસીએ લીટરરમાં ૬૮ કોલેજોમાં ૭૧૦૦ બેઠકો ઉપલબ્ધ છે. આમ ત્રણે કોર્સની બેઠકોની ગણતરી કરવામા આવે તો અંદાજે ૨૨૩૮૦ બેઠકો છે. આ બેઠકો માટે તા.૨૭મી જૂનથી ૩ જુલાઈ વચ્ચે કરાયેલા પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં માત્ર ૫૯૬૩ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ તે તમામને પ્રવેશ આપી દેવામાં આવે તો પણ ૧૬ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. માત્ર એમબીએ-એમસીએના કોર્સની બેઠકો ગણવામાં આવે તો ૧૫૨૮૦ જેટલી બેઠકો થાય તેમ છે. તમામ વિદ્યાર્થીઓ માત્ર એમબીએ-એમસીએમાં જ પ્રવેશ લેશે તેવુ માની લઈએ તો પણ ૧૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ કુલ બેઠકો પૈકી ૧૫ હજાર બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.




(૧) ઈઝરાઈલની મુલાકાત લેનાર નરેન્દ્ર મોદી ભારતના કેટલામા વડાપ્રધાન છે ?
**(એ) પ્રથમ**
(બી) દ્વિતીય
(સી) તૃતિય
(ડી) ચતુર્થ

(૨) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ચેમ્પિયનશીપ કયા દેશની ટીમ જીતી હતી ?
(એ) આર્જેન્ટીના
(બી) ચીલી
**(સી) જર્મની**
(ડી) ફ્રાન્સ

(૩) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો યજમાન દેશ કયો ?
(એ) બ્રિટન
(બી) બ્રાઝિલ
(સી) મેક્સિકો
**(ડી) રશિયા**

(૪) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કુલ કેટલા દેશોની ટીમોએ ભાગ લીધો હતો ?
(એ) ૭
**(બી) ૮**
(સી) ૯
(ડી) ૧૦

(૫) ૨૦૧૭ કોન્ફેડરેશન કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં કઈ ટીમ રનર અપ બની હતી ?
(એ) પોર્ટુગલ
(બી) મેક્સિકો
**(સી) ચીલી**
(ડી) બ્રાઝિલ

(૬) તાજેતરમાં જુલાઈ માસ દરમિયાન કેનેડા દેશનો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો ?
(એ) ૧૧૦મો
(બી) ૧૨૦મો
(સી) ૧૩૦મો
**(ડી) ૧૫૦મો**

(૭) તાજેતરમાં 'સેબી'નાં પ્રથમ મહિલા સભ્ય બનવાનું ગૌરવ કોને મળ્યું છે ?
(એ) ચંદા કોચર
(બી) અરૂંધતી ભટ્ટાચાર્ય
**(સી) માધબીપુરી બુચ**
(ડી) મેધા પાટકર

(૮) નેપાળના નવા વડાપ્રધાન પદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?
(એ) શેરબહાદુર થાપા
(બી) વિજયબહાદુર દેઉબા
**(સી) શેરબહાદુર દેઉબા**
(ડી) વિજયબહાદુર થાપા


(૯) ભારતમાં પરમાણુ ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે કેટલા પરમાણુ રીએક્ટર બનાવવા મંજૂરી આપી દીધી છે ?
**(એ) ૧૦**
(બી) ૧૧
(સી) ૧૨
(ડી) ૧૩

(૧૦) ૨૦૧૭માં એફડીઆઈની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનો ક્રમ કયો નોંધાયો છે ?
**(એ) પ્રથમ**
(બી) દ્વિતિય
(સી) તૃતિય
(ડી) ચતુર્થ

# સાગર મુવીટોન : ફિલ્મસર્જક અને સંસ્થાનું રોચક ઈતિહાસકરણ

પહેલી ગુજરાતી ફિલ્મ સહિત છ ભાષામાં સિત્તેરથી પણ વધુ ફિલ્મ્સ બનાવનારા ગુજરાતી ઉદ્યોગ સાહસિક ચીમનલાલ દેસાઈના જીવનના ચઢાવ-ઉતાર અને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના નોંધપાત્ર પ્રદાનની કથા વિગતે ગ્રંથસ્થ થઈ છે 'સાગર મુવીટોન' નામક પુસ્તકરૂપે, જેના લેખક-સંપાદક છે બીરેન કોઠારી.

૨૬૦ પાનાંના આ દળદાર પુસ્તકમાં બીરેન કોઠારી દ્વારા સાગર મુવીટોન અને તેની સાથે સુસંગત અન્ય કેટલીક નિર્માણસંસ્થાઓ અંગે અતિ વિશદ, ચોક્સાઈપૂર્ણ, ઝીણી અને અધિકૃત કહી શકાય તેવી અનેક દસ્તાવેજી વિગતો ઉપરાંત તસવીરો પણ સમાવવામાં આવી છે. આ કારણે આ ગ્રંથ ઐતિહાસિક દૃષ્ટિએ પણ મૂલ્યવાન બની રહેશે એ વાત નિશ્ચિત છે. ઉપરાંત એમાં હિન્દી અને ગુજરાતી ફિલ્મ સાહસિક ચીમનલાલ દેસાઈની સંપૂર્ણ ગાથા સંઘરાયેલી છે, એટલે સુધી કે એમાં તેમના ફિલ્મી જીવનના આરંભથીય પહેલાંની, તેમના વતન અને પૂર્વજોની અને એમની જ્ઞાતિની પશ્ચાદભૂની પણ વાતો લખાયેલી છે. ઉપરાંત તેમના પછીની પેઢીની વર્તમાન સુધીની વિગતો આપીને લેખકે સમયના એક મોટા ખંડને સમાવી લીધો છે.




પુસ્તકની પ્રસ્તાવનામાં રજનીકુમાર પંડ્યાએ લખ્યું છે, 'બીરેન કોઠારીને ચીમનલાલ દેસાઈના વ્યક્તિગત ચરિત્રમાં પણ એટલો જ રસ છે, જેટલો તેમના સંસ્થાગત ચરિત્રમાં. એ બંને એક છાતીમાં રહેલાં બે ફેફસાં જેવાં છે. સાગર મુવીટોનના લોગોમાં ચીમનલાલ દેસાઈનો ચહેરો નથી પણ સાગર મુવીટોનની ઓળખ જ એ બની રહ્યા છે. એટલે લેખકે ચીમનલાલના ફિલ્મી જીવન સાથે જેને કોઈ દેખીતો સંબંધ ના હોય તેવી કાળની ગર્તામાં ધકેલાઈ ગયેલી વિગતોને પણ ઠેર-ઠેર ભ્રમણ કરીને ભારે ઉદ્યમથી અને ખંતપૂર્વક હાંસલ કરી અને સંસ્થાના ઈતિહાસ સાથે એને એવી તો સમરસ કરીને નિરુપી કે એનું મનોહારી રસાયણ નિપજી આવ્યું. આ પુસ્તકે આવા આલેખનોનું એક નવું આદર્શ ફોર્મેટ ગુજરાતી સાહિત્યને બહુ જ સહજ રીતે સર્જી આપ્યું કે જેને હવે પછી આવનારા ઈતિહાસલેખકોએ એક મોડેલ તરીકે સામે રાખવું પડશે.'




knn786@gmail.com

પુસ્તક જેમની ઉપર લખાયું છે તે ચીમનલાલ દેસાઈ ફિલ્મ લાઈનમાં આવતાં અગાઉ કોલસા-કાપડ-પ્રિન્ટીંગ પ્રેસ જેવા અન્ય વ્યવસાયોમાં પડેલા હતા. એ પછી ફિલ્મલાઈનમાં વિતરક તરીકે એમના પ્રવેશની કથા રોચક છે અને તે પછીની કહાણી તો એથીય વધુ રોમાંચક છે અને તે છે સક્રિય રીતે ફિલ્મનિર્માણના ક્ષેત્રમાં ૧૯૩૦માં થયેલા તેમના આકસ્મિક પદાર્પણની કથા. આ આખીય કથાની ઝીણી-ઝીણી વિગતો મેળવીને લેખકે એવી તર્કબદ્ધ રીતે ગોઠવી છે કે વાચકો માટે એ માહિતીનો રસથાળ થઈ પડે છે.

એકાકી અવસ્થામાં મૃત્યુ પામનારાં ખ્યાત અભિનેત્રી નલિની જયવંત અંગેની પણ બહુ ઓછી જાણીતી વિગતો આપવામાં આવી છે એ ફિલ્મરસિયાઓ માટે બોનસ સમાન છે, તો વાચકો માટે સંવેદનાથી ભરેલો દસ્તાવેજ છે.

'અવલોકનકારોની આંખે' પ્રકરણ દ્વારા આ પુસ્તકમાં એ સમયના ફિલ્મી પત્રકારત્વનો મિજાજ દર્શાવવાનો લેખકે સુંદર પ્રયાસ કર્યો છે. એ સમયે સમાચારોનું લખાણ, અવલોકનોની ભાષા અને ગૉસિપનું સ્થાન કેવું હતું એ આ પ્રકરણ પરથી જાણી શકાય છે.

સ્પષ્ટ તસવીરો અને સુંદર મુદ્રણ સાથેનું આ પુસ્તક ખરે જ એક ઉપયોગી દસ્તાવેજ સમાન બન્યું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતી ઉપરાંત આ પુસ્તકને અંગ્રેજી ભાષામાં પણ પ્રગટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકના સર્જન માટે લેખક, તેમના મિત્ર ચંદ્રશેખર વૈદ્ય અને દક્ષા દેસાઈ (કથાનાયક ચીમનલાલ જેમના વડસસરા છે)એ અનેક સ્થળો અને વ્યક્તિઓની મુલાકાત લીધી છે અને અથાગ શ્રમ વેઠ્યો છે. ચીમનલાલ દેસાઈના પરિચિતો સહિત અનેક લોકોની તેમણે મુલાકાત લીધી છે, જેમાં બૉલીવૂડ સાથે સંકળાયેલા લોકો પણ સમાવિષ્ટ છે.

આ સઘળા પરિશ્રમને પ્રતાપે ભારતીય બોલપટના આરંભકાળે દોઢેક દાયકા જેટલા સમયમાં કુલ છ ભાષામાં પંચોતેર ફિલ્મોનું નિર્માણ કરનાર 'સાગર મુવીટોન' ફિલ્મ સંસ્થા અને તેના સ્થાપક ચીમનલાલ દેસાઈના પ્રદાનનો સાચો અને પૂરતો પરિચય આપી શકે એટલું સમૃદ્ધ અને સક્ષમ આ પુસ્તક બન્યું છે. આ પુસ્તક માટે લેખક, પ્રકાશક અને તેના સર્જન સાથે સંકળાયેલાં સૌ કોઈ અભિનંદનને પાત્ર છે.

પુસ્તક : સાગર મુવીટોન
લેખક : બીરેન કોઠારી
પ્રકાશક : સાર્થક પ્રકાશન, અમદાવાદ
કિંમત : રૂા. ૯૦૦/-

# આદર્શ નિવાસી કન્યા શાળા દ્વારા ગૌરી વ્રતની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૫

આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ ખાતે ગૌરી વ્રતની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત મંગળવારે ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓ માટે રંગોળી સ્પર્ધા, કેશ-ગૂંફન સ્પર્ધા તથા ચિત્રસ્પર્ધા અને બુધવારના રોજ વેશભૂષા સ્પર્ધા, કૅટવૉક, મહેંદી સ્પર્ધા, ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરેક વિદ્યાર્થીનીએ પોતાની પસંદની બે સ્પર્ધામાં ભાગ લઈને પોતાના કલા કૌશલનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય કુસુમબેન ચૌહાણના માર્ગદર્શન હેઠલ મદદનીશ શિક્ષક રંજનાબેન ગુપ્તાએ કર્યું હતું.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**